Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૫ (ચાલુ), વીર સં. ૨૪૯૮
વિ. સં. ૨૦૨૮ વૈશાખ

तद्वापि बहु चेत् कुर्याज्जनः स्वस्यैव शोधनम् ।
नहि प्रमाजना म्लाना स्वच्छं कुर्वीत मन्दिरम् ॥

માણસ બીજું કંઇ ન કરે અને પોતાની જાતનું જ શોધન–શુદ્ધિકરણ કરે (પોતાની જાતને જ સુધારે) તો યે ઘણું છે. મેલી સાવરણી મકાનને સ્વચ્છ કરી શકતી નથી. (સદાચરણથી માણસ જે પોતે સુધર્યો નથી તે બીજાને શું સુધારી શકવાનો હતો? ખરેખર પહેલી જરૂરિયાત આત્મ સુધારણાની છે, પ્રખર વિદ્વાન કે વક્તાની સુન્દર વકતૃતા કરતાં ચારિત્રશાળીનું મૌન વધારે સારી અસર નિપજાવે છે.)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૬૯ ] મે : ૧૯૭૨ [ અંક : ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ.....નુ.....ક્ર.....મ.....ણિ.....કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | હું કોણ છું ? | .... બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર | ૧૨૩ |
| ૨ | અર્ધાંગના | .... મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૨૫ |
| ૩ | મંત્રના બીજાક્ષરો–યંત્રો અને મુદ્રાઓ | .... પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૨૯ |
| ૪ | આત્મ દ્રવ્યથી ભિન્ન પરચિંતન ત્યાગ | .... મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ | ૧૩૪ |
| ૫ | સારા કે ખરાબ માણસની કસોટી અશક્ય છે | .... — | ૧૩૭ |


## આ સભાના નવા આજીવન સભ્ય

શ્રી ચીમનલાલ હરગોવિંદદાસ શેઠ–મુંબઈ

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય

**વિદ્યાર્થીગૃહ પ્રવેશ :** શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મુંબઈ, અમદાવાદ, વડોદરા, વલ્લભવિદ્યાનગર, પૂના અને ભાવનગરમાં વિદ્યાર્થીગૃહો છે. એસ. એસ. સી. કે સમાન કક્ષાની પરીક્ષા ઊતીર્ણ કરી ઉચ્ચ અભ્યાસ કરનાર શ્વે. મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીને દાખલ કરવામાં આવે છે.

અરજીપત્રક મંગાવનારે ૭૫ પૈસાની ટપાલ ટિકીટો મોકલવા ઉપરાંત સ્થળ અંગે સ્પષ્ટતા કરવી જરૂરી છે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૫ મી જૂન છે.

**ઉચ્ચ શિક્ષણ માટે સહાય :** એસ. એસ. સી. કે સમાન કક્ષાની પરીક્ષા પછી કોલેજમાં અભ્યાસ કરનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીને શ્રી સારાભાઈ મગનભાઈ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃતિ ટ્રસ્ટ ફંડમાંથી પૂરક આર્થિક સહાય ટ્રસ્ટ યોજનાના નિયમાનુસાર લોન રૂપે આપવામાં આવે છે. તે માટેનું નિયત અરજીપત્રક ૫૦ પૈસાની ટપાલ ટિકીટ મોકલવાથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૨૦ મી જૂન છે.

**માધ્યમિક શિક્ષણ અંગે સહાય :** માધ્યમિક શિક્ષણ માટે શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન સ્કોલરશિપ ફંડમાંથી શ્વેતામ્બર મૂ. પૂજક જૈન વિદ્યાર્થીઓને લોન આપવા માટેનું નિયત અરજીપત્રક ૨૫ પૈસાની ટપાલ ટિકીટો મોકલવાથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૨૦ મી જૂન છે.

**કન્યા છાત્રાલય શિષ્યવૃતિ :** શ્રી મહાવીર જૈન વિદ્યાલય દર વર્ષે ઉચ્ચ શિક્ષણ લેતી શ્વેતામ્બર મૂ. પૂજક જૈન બહેનોને શિષ્યવૃતિ આપે છે. એ માટેનું નિયત અરજીપત્રક ૫૦ પૈસાની ટપાલ ટિકીટ મોકલવાથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૦ મી જૂન છે.

ઉપરોક્ત સર્વે અરજીપત્રકો શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિ માર્ગ મુંબઈ–૩૬ ઉપર આવેલ કાર્યાલયેથી મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા પેટ્રન

# શ્રી. માણેકલાલ ઝવેરચંદ વસા–મુંબઈ

સેવા આપવી પણ જાહેરાતથી દૂર રહેવું એ જેમના જીવનનો મુદ્રાલેખ છે તે શ્રી. માણેકલાલ ઝવેરચંદ વસાનું મૂળ વતન ધોરાજી નજીકનું નાનકડું પણ રળિયામણું ગામ–પાટણવાવ. ત્યાં જે ઓસમનો પહાડ છે તેની ગણના ગિરનારની એક ટૂંકમાં થાય છે અને પહાડ પરથી તેમજ પાટણવાવ ગામમાંથી આપણા તીર્થંકરોની સુંદર પ્રતિમાઓ પણ પ્રાપ્ત થયેલી છે. આ તીર્થભૂમિ જેવા ગામમાં આજથી પચાસ વર્ષ પહેલાં સદ્‌ગત ઝવેરચંદ જુઠાભાઈ વસાને ત્યાં શ્રી. માણેકલાલભાઈનો જન્મ થયો. પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરી ભાગ્ય અજમાવવા લઘુ વયે જ મુંબઈ આવ્યા. પ્રારબ્ધ તેમજ પુરુષાર્થનો સુંદર સંગમ થતાં ટૂંક વખતમાં એક આગેવાન વેપારી તરીકે નામના મેળવી. જ્ઞાતિ અને સમાજની તેઓ અપૂર્વ સેવા કરે છે, પણ જાહેરાતથી દૂર રહે છે. તેના લઘુ બન્ધુ શ્રી. વિનોદભાઈ વસા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને ધીકતી પ્રેકટીશ ધરાવે છે. મહેન્દ્રકુમાર એન્ડ કું., વસા એન્ડ સન્સ, મહેન્દ્ર એજન્સીઝ, વિનોદવસા એન્ડ કું., ઈન્ડકેમ સેલ્સ કોરપોરેશન (મદ્રાસ) વગેરે કંપનીઓમાં પોતે, તેમજ તેમના બંધુઓ અને પુત્રો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કામ કરે છે. અત્યંત સાદાઈ, વિનમ્રતા અને અન્યના કામમાં મદદરૂપ બની શકય તેટલી સહાય કરવી એ તેમના વિશિષ્ઠ ગુણો છે. ધોરાજીની શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગની કાર્યવાહીમાં તેમનો સુંદર ફાળો છે. મુબઈમાં વસતા સોરઠના આગેવાન જૈન ભાઈઓ તેમજ આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ આ સંસ્થાને નમુનેદાર સંસ્થા બનાવવાનો દૃઢ નિશ્ચય કર્યો છે અને શ્રી. માણેકલાલ વસા પણ આ સંસ્થાના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી હોઇ આ કાર્યમાં સંગીન રસ લઈ પોતાની સેવાનો ફાળો આપે છે.

શ્રી. માણેકલાલ વસાએ અમારી વિનતિ સ્વીકારી આ સભાના પેટ્રન થવાનું સ્વીકાર્યું છે જે માટે અમે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. તેઓ માત્ર કાર્ય કરવામાં જ માનતા હોય જાહેરાતથી દૂર ભાગે છે તેથી તેમની લાગણીને માન આપી સંસ્થાનો નિયમ હોવા છતાં તેમનો ફોટો તથા ટૂંકું જીવન ચરિત્ર આત્માનંદ પ્રકાશમાં આપવાનું ઉચિત માન્યું નથી.

આવા નિરભિમાની અને સેવાભાવી શ્રી. માણેકલાલભાઇને પેટ્રન તરીકે મેળવવા બદલ આ સભા આનંદ અને ગૌરવ અનુભવે છે.

★

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૯ ] વિ. સં. ૨૦૨૮ વૈશાખ ∴ ઇ. સ. ૧૯૭૨ મે [ અંક : ૭

## હું કોણ છું ?

**कोऽहम्** એટલે હું કોણ છું ? પ્રથમ દર્શને એ પ્રશ્ન જ સ્વાભાવિક રીતે અસંગત લાગે છે. અન્ય કોઇને માટે તપાસ કરવાની દૃષ્ટિથી એ પ્રશ્ન થઈ શકે. અમુક કોણ છે ? ફલાણો કોણ છે ? એમ પૂછવું ઠીક જણાય પણ હું પોતે કોણ છું ? એ પ્રશ્ન જ વિચિત્ર લાગે છે. પોતે પોતાને જ ઓળખતો ન હોય એવો એ પ્રશ્ન છે. હું પોતે કોણ છું ? એવો પ્રશ્ન કરનાર પોતે જ પોતા માટે અજ્ઞાત હોય એ કેમ બને ? પણ વસ્તુસ્થિતિ એવી જ છે. એ કેવી રીતે હોઇ શકે એ હવે આપણે જોઇશું.

કોઇને પૂછવામાં આવે કે તમે કોણ છો ? ત્યારે ધર્મની દૃષ્ટિથી હું જૈન છું, વૈષ્ણવ છું, હું શૈવ છું, હું મુસ્લીમ છું, હું ઈસાઈ છું કે હું બુદ્ધ છું એવા કોઈપણ લેબલો પોતા ઉપર લગાવી એ ઊભો રહેશે. તેમ જ રાષ્ટ્રીય દૃષ્ટિથી વિચાર કરનારાઓ હું હિંદી છું, હું રશિયન છું, હું જર્મન, બ્રીટીશ અગર અમેરીકન છું વિગેરે નામો સાથે પોતાની ઓળખાણ જોડશે. એટલું જ નહીં તો કોઈ જૈન પોતે દિગંબરી કે શ્વેતાંબરી, ત્રણ થોયવાળો, ચાર થોયવાળો, અમુક ગચ્છને, અમુક સંઘાડાના સાધુઓને માનનારો વિગેરે અનેક જાતની ઉપાધિઓ પોતાના નામ સાથે જોડી દેશે. ત્યારે કોઇનું નામ પૂછવામાં આવતાં એ રામદાસ કે ગોવિંદદાસ, સુરેદ્ર કે દેવેન્દ્ર અગર અન્ય કોઇ નામ બતાવશે. ત્યારે એ બધા જ જવાબો એની સાચી ઓળખાણ આપનારાં નથી એ સ્પષ્ટ જણાય છે. ત્યારે હું કોણ છું એ પ્રશ્ન અણઉકેલાયેલો જ રહ્યો એ સ્પષ્ટ છે.

જ્યારે કોઈ કહે કે, માણેકલાલ છું ત્યારે તેને પૂછવામાં આવે કે, તને એ નામ કોણે આપ્યું ? ત્યારે એ જણાવશે કે એ નામ તો હું નાનો હતો ત્યારે મારી ફઇએ મને આપેલું છે. એ પછી તેને બીજો પ્રશ્ન કરવામાં આવે કે, જ્યારે તને એ નામ આપવામાં આવ્યુ તે પહેલા તું હતો જ કે નહીં ? એ હતો એ વસ્તુ તો સ્પષ્ટ જ છે. અર્થાત્ માણેકલાલ એ નામ એના શરીરને એની ફઇએ આપેલું નામ સિદ્ધ થાય છે અર્થાત્ એ નામ તો બીજાઓથી જુદો પાડવા માટે જ આપવામાં આવેલું કૃત્રિમ નામ છે, એ સિદ્ધ થાય છે.

આ શરીર મારું છે, એ ધનદોલત મારી છે. એવું જ્યારે આપણે બોલીએ છીએ ત્યારે આપણે કોઈ જુદા જ છીએ એવી મૂલભૂત કલ્પના લઇને જ વિચાર કરીએ છીએ. આ આંખ મારી, આ કાન મારા, આ પેટ મારું એમ આપણે બોલીએ છીએ એટલું જ નહીં પણ મારું શરીર, મારી વાસના કે ઇચ્છા, મારું મન અગર મારી બુદ્ધિ એવી કલ્પના આગળ ધરીએ છીએ ત્યારે હું કોઈ બધાથી જુદો છું, એ કલ્પના સિદ્ધ તરીકે લઇને જ અહં એ જુદો સ્વતંત્ર, બધાથી પર એવો કોઇ છે, એ ભાવના આપણે છોડી શકતા નથી. એ વિવેચન ઉપરથી હું પ્રશ્ન જેવો ને તેવો જ ઊભો રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હું કોણ છું? હું જ્યારે શરીર નહીં, વાસના નહીં, બુદ્ધિ પણ નહીં, કારણ એ બધી વસ્તુઓ મારી તરીકે હું ઓળખાવું છું ત્યારે હું માનનારો બીજો જ કોઈ છે એ સ્પષ્ઠ સિદ્ધ થાય છે; માટે જ પોતાને ઓળખવું હોય તો अहम् એટલે 'હું' ને ઓળખવું જોઈએ.

આ જન્મ લીધા પછી જે જે ઉપાધિઓ અને સાધનો જીવમાત્રે લીધા છે એ એની પોતાની કમાણી છે. એ કમાણી એટલે જ હું, એવી પોતે ખોટી કલ્પના કરી બેઠેલો છે એટલે જ એ મળેલાં સાધનોનો સાચો ઉપયોગ નહીં કરતા ભ્રાંતિવશ અનેક નવી પીડાઓ પોતાની પાછળ વળગાડી લે છે. એ 'હું' માં કેટલી મોટી સત્તા અને શક્તિ સમાઈ છે એનો વિચાર કરતાં આખા વિશ્વ ઉપર સામ્રાજ્ય ચલાવવાની એની તાકાત છે એ સ્પષ્ટ જોવામાં આવે છે.

ભાષાના મૂળાક્ષરો 'અ' થી લગાવી 'હ' સુધી છે. 'ળ' નો સમાવેશ 'લ' માં થઈ જાય છે. અને क्ष ज्ञ તો જોડાક્ષરો છે, સ્વતંત્ર નથી. એટલે 'અ' થી 'હ' સુધીના બધા જ વર્ણોમાં આખા વિશ્વની અક્ષર- સંપત્તિ સમાઈ જાય છે. શબ્દ બ્રહ્મ 'અ' થી 'હ' સુધીના અક્ષરોમાં अहम् એટલે 'હું'' માં આખા વિશ્વનો સમાવેશ થઈ જાય છે. હવે 'હું' એટલો જો આખું વિશ્વ હોય, તો હુંની શક્તિ કેટલી અપરંપાર અને અનંત છે એ જોતા એ સાક્ષાત્ ઈશ્વરરૂપ છે એમ માનવામાં હરકત જણાતી નથી. એ ઉપરથી 'હું' કોણ છું? એનો જવાબ હું 'અહમ્ છું. એવો આવી જાય છે. હવે એ 'અહમ્' નું મહત્ત્વ શું છે? એનું ગૌરવ શું છે? એનો આપણે વિચાર કરીએ.

શાસ્ત્રકારોએ શુદ્ધ નિરુપાધિક, દિવ્ય, અવ્યક્ત અને અરૂપી એવો જે આત્મા તરીકે ઓળખાવ્યો છે, એજ એ 'અહમ્' છે. આત્મા એ શુદ્ધ છે, છતાં એણે પોતાની આસપાસ એવું ઘેરું આવરણ તૈયાર કરી લીધું છે કે, એને લીધે એનું શુદ્ધ સ્વરૂપ જોવામાં આવતું નથી. જેમ કોઈ દીવો હોય અને એને કાચ, કાગળ, કપડું. લાકડું અને છેવટ લોઢાનું ઢાંકણું ઢાંકી દેવામાં આવે ત્યારે એ દીવો પોતાનો પ્રકાશ આપી શકતો નથી. ધીમે ધીમે એકેક આવરણ દૂર થાય છે ત્યારે તેનો ઝળઝળતો પ્રકાશ પ્રગટ થાય છે, અને એનું શુદ્ધ સ્વરૂપ પ્રતીત થાય છે, એવી જ સ્થિતિ આત્માની થઈ છે· કર્મોના અનેક આવરણો એની આસપાસ વીંટળાઈ ગયા હોવાને લીધે એ પોતાને ઓળખી શકતો નથી. એને પોતાના શુદ્ધ સ્વરૂપનું આકલન થઈ શકતું નથી, એથી જ એ ભ્રમિત આત્મા ઉપાધિઓને જ 'હું' સમજી બાઝી પડે છે. અને એ ભાસમાન ચક્રની આસપાસ આથડયા કરે છે. અને એ અવસ્થામાં એનું સમાધાન નહીં થવાને લીધે જ 'कोऽहम्' એટલે હું કોણ છું? એવો પ્રશ્ન ઉત્પન્ન થાય છે. એનો સાચો ઉકેલ જો પોતાને મળી જાય તો એણે પોતે જ ઉત્પન્ન કરેલા આવરણો એને જણાવા માંડે અને એ એ આવરણો જ પોતાનો માર્ગ કે દૃષ્ટિ રૂંધનારા છે એવો સાક્ષાત્કાર એને થઈ જાય અને એવી સ્થિતિ પ્રાપ્ત થતાં એ આવરણો દૂર કરવા માટે એ પ્રયત્નશીલ થઈ જાય અને ત્યારે જ कोऽहम्' નો જવાબ એને 'सोऽहम्' ના રૂપમાં મળી જાય, એ દિવ્ય सोऽहम् મંત્રનો સતત જાપ કરતા અનેકોના ઉપાધીઓ ટળી ગઈ છે ત્યારે આપણે પણ 'હું કોણ છું?' એ પ્રશ્નથી ગોથા ખાવાની જરૂર નથી. આપણે એનો સાચો જવાબ મેળવી આપણી દિવ્યશક્તિ ફોરવી જેમ બને તેમ ઉપાધીઓ ઓછી કરી सोऽहम्નો સાક્ષાત્કાર મેળવવો એજ આપણી ફરજ છે.

બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અર્ધાંગના

લે. મનસુખલાલ તા. મહેતા

આજથી લગભગ ૧૨૦૦ વર્ષો પહેલાં બનેલા પ્રસંગની આ એક સત્ય કહાણી છે. શ્રી શંકરાચાર્યનો જન્મ ઈ. સ. ૭૮૮માં એક બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. સાત વર્ષની વયે પિતા શિવગુરુ મૃત્યુ પામ્યા. એમની માતા આર્યમ્મા અસાધારણ પ્રતિભા સંપન્ન જાજવલ્યમાન નારી હતા અને પતિની ગેરહાજરીમાં બાળકને શાસ્ત્રોભ્યાસ કરવાની જવાબદારી પોતે ઉપાડી લીધી. પુત્રની બુદ્ધિ અલૌકિક હતી અને માત્ર સોળ વર્ષની ઉંમરે શંકરાચાર્ય શાસ્ત્રોમાં પારંગત બની ગયા. ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્ર જેવા ગહન વિષયો પર ટીકા લખવાનું શરૂ કર્યું.

બાલ્યવયે જ પુત્રે સંસાર છોડી સંન્યાસ ધારણ કરવાની ઈચ્છા બતાવી, પણ માતાને સંતાન અને પરિવારમાં એક જ પુત્ર હતો. પુત્ર સંન્યાસી થઇ જાય તો મૃત્યુ બાદ તેના દેહનો અગ્નિસંસ્કાર કોણ કરે? સંન્યાસીથી તો અગ્નિ સંસ્કારની ક્રિયા થઈ શકે નહિ. માતાની સાથે પુત્ર એક દિવસે નદીએ સ્નાન કરવા ગયો. શંકરે નદીમાં ડૂબકી મારી અને પાસે જ કાંઠા પર માતા કપડાં ધોઇ રહ્યાં હતાં. એવામાં તો નદીમાં મગરે શંકરનો પગ પકડયો અને બૂમ પાડી કહ્યું: 'માતાજી! મગર મને પાણીમાં ઊંડે ખેંચી લઈ જાય છે, હવે મારો અંતકાળ નજીક છે. સંન્યાસી તરીકે મરણ પામું એ માટે અપથ (મરણ સમીપ હોય ત્યારે લેવાતો સંન્યાસ) સંન્યાસ લેવાની મને અનુમતિ આપો.' વાત્સલ્યમયી માતાનું હૃદય કંપી ઊઠયું અને સંન્યાસ માટે અનુમતિ આપી. એ વખતે જ શંકર નદીમાંથી સામાન્ય સંન્યાસીની માફક બહાર નિકળ્યા અને પછી હિમાલયમાં બદરીનાથના આશ્રમમાં સ્વામી ગોવિંદપાદની પાસે દીક્ષા લીધી. પછી તો તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં વાદવિવાદ કરી એક પછી એક આચાર્ય પર શંકરે વિજય મેળવ્યો અને સમગ્ર ભારતમાં તેમણે વિજય યાત્રા કરી.

માહિષ્મતી[1]ના રાજદરબારમાં એ વખતે પ્રધાન પંડિત શ્રી મંડનમિશ્ર હતા. એમનું જ્ઞાન ઉચ્ચ કોટિનું હતું અને તેમના સંપ્રદાયમાં તેઓ દેવગુરુ બૃહસ્પતિના નામે ઓળખાતા હતા. તેઓ કર્મમીમાંસાની ધર્મશાખાના શિક્ષણ સંસ્કારને ચુસ્તપણે વરેલા હોવાથી, સંન્યાસીઓ પ્રત્યે તેમના હૃદયમાં તીવ્ર દ્વેષ હતો. મંડનમિશ્રના પત્ની ભારતીદેવી સાક્ષાત્ સરસ્વતી સમાન હતા. બાલ્યવયે જ તેણે સર્વશાસ્ત્રનું અધ્યયન કરી લીધું હતું. પતિપત્નીનું સમાન જોડું હતું, વિદ્વાનપતિની વિદુષી પત્ની તરીકે એ યુગમાં તેણે સરસ નામના મેળવી હતી અને પછી તો એ નામનાને સાર્થક પણ કરી બતાવી.

શંકરાચાર્યે અદ્વૈતમાર્ગને વિજયી બનાવવા માટે મંડનમિશ્ર પર વિજય મેળવવાનો નિશ્ચય કર્યો અને તે ઉદ્દેશથી માહિષ્મતી આવ્યા. પ્રાતઃકાળે નિત્યકર્મથી પરવારી મધ્યાહ્નકાળે મંડનમિશ્રનું નિવાસસ્થાન શોધતાં તેઓ ગામમાં નીકળી પડયા. માર્ગમાં મંડનમિશ્રના

૧. મધ્યપ્રદેશનું મહેશ્વર નગર ઇન્દોર નજીકના માન્ધાતા જે નર્મદા કિનારે આવેલ છે તેને સંશોધકો પ્રાચીન માહિષ્મતીનું સ્થાન માને છે. મંડનમિશ્રનો જન્મ તો બિહારમાં રાજગૃહીનગરીમાં થયો હતો, પણ પાછળથી મૂળવતનમાંથી સ્થળાન્તર કરીને મંડનમિશ્રે પત્ની સાથે માહિષ્મતીમાં વાસ કર્યો હતો. શ્રી કનૈયાલાલ મુનશી માહિષ્મતીનગરી હાલના ભરૂચ પાસે હોવાનું માનતા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિવાસ્થાન વિષે પૂછતાં કહેવામાં આવ્યું કે આગળ ચાલતાં જ્યાં 'કર્મ ફલ આપનાર છે કે ઇશ્વર ફલ આપનાર છે?' 'જગત નિત્ય છે કે અનિત્ય છે?' એવી શાસ્ત્રાર્થ ચર્ચાના શબ્દો આંગણામાં લટકતાં પાંજરામાં પુરાયેલી મેનાઓ બોલતી હોય, તે જ પંડિત મંડનમિશ્રનું નિવાસસ્થાન સમજવું.

પછી તો શંકરાચાર્ય અને મંડનમિશ્ર વચ્ચે ધર્મશાસ્ત્ર વિવાદ થયો અને તેના નિર્ણાયક તરીકે મંડનમિશ્રના પત્ની ભારતીદેવીને નીમવામાં આવ્યા. શંકરાચાર્યનો પરાજ્ય થાય તો તેણે સંન્યાસનો ત્યાગ કરી, વિવાહિત બની ગૃહસ્થાશ્રમનું પાલન કરવું અને મંડનમિશ્ર હારે તો તેણે પોતાની પત્નીના હાથે ભગવા ઝભ્ભાનો અંગીકાર કરી સંન્યાસી બનવું, એવી શરત નક્કી કરવામાં આવી. એ શાસ્ત્રાર્થ સત્તર દિવસ સુધી એકધારો ચાલ્યો. ભારતીદેવી ચર્ચા દરમ્યાન સતત હાજર ન રહેતાં. પણ તેણે ફૂલની બે માળાઓ બનાવી અને પ્રત્યેક વિવાદી પ્રતિસ્પર્ધીના ગળામાં પહેરાવી જાહેર કર્યું કે, જેની માળા સૌથી પ્રથમ સુકાવા લાગે તેણે પોતાના પરાજ્યનો સ્વીકાર કરવો.

મંડનમિશ્રની માળા પ્રથમ સુકાવા લાગી એટલે પોતે હાર સ્વીકારી સંન્યાસી થવા તૈયાર થઈ ગયા. ભારતીદેવી તો સાક્ષાત સરસ્વતીનો અવતાર હતા એટલે પડકાર દેતાં તેણે શંકરાચાર્યને કહ્યું : 'વાદવિવાદમાં તમે મારા પતિનો પરાજ્ય કર્યો તે હકીકતનો હું સ્વીકાર કરૂં છું, પરંતુ હું તેમની અર્ધાંગના અર્થાત્ અર્ધઅંગ છું એટલે મારો પણ પરાજ્ય ન કરો ત્યાં સુધી મારા પતિપરની તમારી જીત સંપૂર્ણ ન ગણાય.'

શંકરાચાર્યે સ્ત્રી સાથે વાદવિવાદ કરવા માટે સિધ્ધાંતનો વાંધો ઊભો કર્યો. ભારતીદેવીએ દાખલા દલીલો ટાંકી ભૂતકાળમાં સ્ત્રીઓએ વાદવિવાદ કર્યાની વાત સાબીત કરી આપી. નર અને નારીની ચેતના એક સમાન છે અને બંનેના આત્માની શક્તિમાં પણ કાંઈ ન્યૂનતા–અધિકતા જેવું નથી. દેહ દૃષ્ટિએ જે ભિન્નતા છે તે તો ગૌણ છે, કારણ કે દેહ પરિવર્તન રૂપ છે, સ્થિર નથી પણ ક્ષણભંગુર છે. પુરુષનો જીવ મર્યા બાદ સ્ત્રી થતો હોય અને સ્ત્રીનો જીવ મૃત્યુબાદ પુરુષ થઈ શકતો હોય, તો પછી એમાં મહત્ત્વનો ભેદ જ ક્યાં રહ્યો ?

શંકરાચાર્ય માટે વાદવિવાદ કર્યા વિના અન્ય કોઈ માર્ગ ન હતો. વાદવિવાદ શરૂ થયો અને તેની શરૂઆતમાં જ ભારતીદેવીએ શંકરાચાર્યને પ્રશ્ન પૂછયો : 'રિસાયેલી પત્નીને મનાવી તેને રીઝવવી કઈ રીતે ?'

શંકરાચાર્યને દાંપત્ય જીવનનો કશો અનુભવ ન હતો, એટલે શું જવાબ આપે ? બધા શાસ્ત્રોમાં પારંગત પણ સંસાર શાસ્ત્રનાં જ્ઞાન રહિત શંકરાચાર્ય મૂંઝાયા. શંકરાચાર્યને ચૂપ રહેલાં જોઈ માર્મિક ભાવે ભારતીદેવીએ કહ્યું : 'ગૃહસ્થાશ્રમનો અનુભવ લીધા વિના સંન્યાસ્તાશ્રમમાં પ્રવેશ કરીને જગતના ગૃહસ્થાશ્રમીઓને તમે શું માર્ગદર્શન આપશો ? જેણે ગૃસ્થાશ્રમ જાણ્યો છે, માણ્યો છે અને અનુભવ્યો છે તેને જ લોકોના દુઃખ સુખનો સાચો ખ્યાલ આવી શકે અને એવાજ લોકો, અન્યના માર્ગદર્શક બની શકે; માટે મારી સાથે ચર્ચા કર્યા પહેલાં ગૃહસ્થાશ્રમનો અનુભવ કરી આવો, [૨]પછી આપણે

૨. કવિશ્રી ન્હાનાલાલે આ પ્રસંગને અનુલક્ષી એક કાવ્યમાં ભારતી દેવીના મુખમાં શંકરાચાર્યને કહેવાયેલા નીચેના શબ્દોની ગૂંથણી કરી છે : –

આર્ય સંસાર વિધાન એટલે વર્ણાશ્રમની વાડીઓ.
એના પાયા ઉચ્છેદો છો શાને ? ગૃહસ્થાશ્રમ માણ્યા વિના
સંન્યસ્તના શે ઓઢયા છે અંચળા ? ધર્મમૂર્તિ થઈ શાસ્ત્રવિધિ ઉલ્લંઘ્યો,
મહાજ્ઞાની કહેવાઈ અજ્ઞાની રહ્યા જગતના માતૃતત્ત્વના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાદવિવાદ કરશું. આપનો જો વિજય થશે તો મંડનમિશ્ર તમારા શિષ્ય બનશે અને શરત મુજબ સંન્યાસીનો ઝભ્ભો પણ હું તેને મારા હાથે જ આપીશ!

શંકરાચાર્યનો મંડનમિશ્ર પરનો વિજય આ રીતે ભારતી દેવીની ચતુરાઇથી દૂર રહી ગયો. સંસારમાંથી સંન્યાસના માર્ગે જવાય છે, પણ શંકરાચાર્યને તો સંન્યાસમાંથી સંસારને માર્ગે જવાનો વખત આવ્યો. ભારતી દેવી પાસે એક માસની મુદત માગી અને ગૃહસ્થાશ્રમનો અનુભવ પ્રાપ્ત કરવા સંન્યાસીજી બનારસ ગયા. સંન્યાસ ધર્મનો ત્યાગ કરી દાંપત્ય જીવનનો અનુભવ લેવાનું તેના માટે શકય ન હતું, પણ પરકાયા પ્રવેશની યોગ વિદ્યા દ્વારા મૃત માનવીના શરીરમાં પોતાના આત્માનો પ્રવેશ કરાવી, ગૃહસ્થાશ્રમનો અનુભવ લેવાનો નિશ્ચય કર્યો.

બનારસ જઈ સ્મશાનમાં પહોંચ્યા. તે વખતે ત્યાં મૃત્યુ પામેલા અમરુ રાજાના શબના અગ્નિ સંસ્કારની તૈયારી એ થઈ રહી હતી. શંકરાચાર્યે પોતાની યોગ શક્તિથી સ્થૂળ શરીરમાંથી સૂક્ષ્મ શરીરને છૂટું પાડી, સ્થૂળ શરીરની સંભાળ રાખવાનો શિષ્યો ને આદેશ આપી મૃત રાજવીના દેહમાં પોતાનો આત્મા દાખલ કર્યો. શંકરાચાર્યના આત્માવાળો અમરુ રાજાનો દેહ પાછો ચેતનરૂપ બની ગયો. આ ચમત્કાર જોઈ રાજ કુટુંબના સભ્યો, રાણીઓ અને પ્રજાના આનંદનો કોઇ પાર ન રહ્યો. અમરુ રાજા મહેલમાં આવ્યા અને કદી ન અનુભવેલી એવી વૈભવ વિલાસની મોજ માણવા લાગ્યા. ઇંદ્રિયો પોતપોતાના વિષયો ગ્રહણ કરે છે કારણકે આવો જ તેનો સ્વભાવ છે. દોષ વસ્તુનો નથી તેમજ દૃષ્ટિનો પણ નથી, પરંતુ દોષ દૃષ્ટિપર પડેલાં આવરણોનો છે. સ્વભાવિક રીતે જ્યારે વ્યક્તિની દૃષ્ટિ પુદ્ગલો તરફ અર્થાત્ બાહ્ય પદાર્થો પર હોય, ત્યારે તેની ગતિ નીચાણ તરફ જ હોય છે, અમરુ રાજાની રાણીઓને રાજાની મૂલભૂત પ્રકૃતિના થયેલા પરિવર્તનના ભેદની વાત જાણવામાં આવી ગઈ, પણ ખોળને બદલે અનાયાસે હાથ આવી ગયેલા ગોળને જતો કરે એવી મૂર્ખ નારીઓ તેઓ ન હતી.

અમરુ રાજાને બદલે અમરુ રાજાના સ્વરૂપે કોઇ સિદ્ધ પુરુષ આવી ચડયો છે, એ સમજતાં રાણીઓએ અવનવો રોમાંચ અનુભવ્યો અને કાયમ માટે આ પુરુષનો સહચાર ચાલુ રહે એ માટે, પોતાના ગુપ્તચરોને ગુફા અને જંગલમાં તપાસ કરી કોઈનું પણ શબ સચવાયેલું જોવામાં આવે તો વિના વિલંબે તેનો અગ્નિ સંસ્કાર કરી નાખવાની આજ્ઞા કરી. રાણીઓ એ વિચાર્યું કે રાજાના મૂળ દેહનો નાશ કરી નાખ્યા પછી આપણને છોડી એ જશે પણ કયાં?

માયામાં લપટાયેલો માનવી પશુથી પણ કેટલીક વાર અધમ બની જાય છે. સ્ત્રીઓના સહવાસના ભાર નીચે, અમરુ રાજાના દેહમાં રહેલો શંકરનો આત્મા તેના મૂળ સ્વરૂપને વીસરી ગયો. દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા છતાં ગુરુદેવ પાછા ન ફર્યા, એટલે શિષ્યોને ચિંતા થવા લાગી. શાપિત અપ્સરાના મોહમાં મત્સ્યેન્દ્રનાથને જેમ પોતાની જાતનું વિસ્મરણ થઇ ગયેલું અને શિષ્ય ગોરખનાથને છૂપા વેષે તેને જાગ્રત કરવા આવવું પડેલું, તેવું જ શંકરાચાર્યની બાબતમાં પણ બન્યું.

અમરુ રાજા સજીવન બન્યા ત્યારથી જ શંકરના શિષ્યો જાણતા હતા કે, ગુરુ દેવે પોતાના આત્માને મૃત રાજાના ખોળિયામાં દાખલ કર્યો છે. વધુ સમય પસાર થયા છતાં શંકરાચાર્ય પાછા ન ફર્યા, એટલે શિષ્યો રાજાને આશીર્વાદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપવાના બહાના નીચે મહેલમાં ગયા અને કેટલાક સૂચક તત્ત્વાર્થપૂર્ણ ગીતો સંભળાવી શંકરાચાર્યના આત્માને મોહનિદ્રા માંથી જાગ્રત કર્યો–શંકરની સ્મૃતિ જાગી ઊઠી. વિરાટમાંથી વામન બનેલો જીવ પાછો પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરવા મહેલમાંથી બીજે દિવસે વહેલી પ્રભાતે નાસી છૂટયો અને જે વૃક્ષની બખોલમાં શરીર સંતાડી રાખ્યું હતું ત્યાં જઈ પહોચ્યો. કહેવાય છે કે જે વખતે રાજા ત્યાં પહોચ્યાં તેજ વખતે રાણીઓનાં ગુપ્તચરો શબને શોધી કાઢી તેનો અગ્નિદાહ દેવાની તૈયારી કરતા હતા. પણ ત્યાંતો અમરુ રાજાની માફક પેલું શબ પણ સજીવન થયું અને ગુપ્તચરોને વીલા મોંએ પાછું ફરવું પડયું. અમરુ રાજા મૃત્યુ પામ્યા અને શંકરાચાર્ય પોતાના અસલ રૂપમાં આવી ગયા. શંકરાચાર્ય અને વિદુષી ભારતી દેવી વચ્ચે શાસ્ત્રાર્થ થયો અંતે હારનો સ્વીકાર કરી મંડનમિશ્રે શંકરાચાર્યનું શિષ્યત્વ સ્વીકાર્યું. મંડનમિશ્રનું નામ સૂરેશ્વરાચાર્ય રાખવામાં આવ્યું અને શંકરના શૃંગેરીમઠના પ્રથમ અધ્યક્ષ સંન્યાસી બનવાનું માન તેમને મળ્યું. ભારતી દેવી પણ શંકરની સાથે શંગેરી મઠમાં રહ્યા અને આજે પણ તેમની મૂર્તિની ત્યાં પૂજા થાય છે.

રૂઢતા અને મૂઢતાનો વારસો પરંપરથી આપણા મોટા ભાગની પ્રજાને મળતો હોવાનું જોવામાં આવે છે. શંકરાચાર્ય જ્યારે માતાને વચન આપ્યા મુજબ મૃત માતાનો અગ્નિ સંસ્કાર કરવા જાતે ત્યાં ગયા ત્યારે જડ અને રૂઢિચુસ્ત બ્રાહ્મણોએ તેનો પ્રચંડ વિરોધ ઉઠાવ્યો. કોઈની પણ સહાય વગર શંકરાચાર્યે એ વિધિ પોતાના હાથે કરી અને ઘર પડખેના વાડામાં માતાના મૃત દેહનો અગ્નિસંસ્કાર કરી અજબ પ્રકારની માતૃ ભકિત દાખવી

卐

## साम्राज्य—साधुतानुं

જગતમાં સર્વાંશે જોઈશું તો જણાશે કે દુષ્ટતાનું સામ્રાજ્ય નથી, સામ્રાજ્ય કેવળ સાધુતાનું છે. દુષ્ટો કરોડો હોય ત્યારે દુષ્ટતા ચાલી શકે છે, પણ સાધુતા ફક્ત એકમાં જ મૂર્તિમંત હોય, ત્યારે પણ એ સામ્રાજ્ય ભોગવી શકે છે. અહિંસાનો પ્રભાવ એટલો વર્ણવ્યો છે કે એની સામે હિંસા શમી જ જાય. અહિંસા સામે પશુઓ પણ પશુતા મૂકી દે છે. એક જ સાધુ પુરુષ જગતને સારુ બસ થઈ જાય છે. એનું સામ્રાજ્ય ચાલે છે, આપણું સામ્રાજ્ય નથી ચાલતું, કારણ આપણે તો જેમ તેમ કરીને આપણું ગાડું ચલાવીએ છીએ. પેલો સાધુ પુરુષ લખી મોકલે ને તે પ્રમાણે બધું થઈ જાય, એવું સાધુતાનું સામ્રાજ્ય છે. જ્યાં દુષ્ટતા છે ત્યાં બધું અસ્તવ્યસ્ત હોય છે. સાધુતા હોય ત્યાં સુવ્યવસ્થિત તંત્ર ચાલે છે, માણસો સુખી થાય છે. એ સુખ ખાવા-પીવાનું સુખ નહિ, પણ માણસો સદાચારી અને સંતોષી થાય એનું સુખ છે. નહિ તો માણસો કરોડો હોવા છતાં બેબાકળા ફરે છે, એ સુખની નિશાની નથી.

[ 'ગાંધીજીનું ગીતાશિક્ષણ' પૃ. ૧૨૪ ] — ગાંધીજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મંત્રના બીજાક્ષરો—યંત્રો અને મુદ્રાઓ

( અનુસંધાન કાર્તિકના અંકના પૃ. ૧૩ થી )

લે૦ પ્રો. હીરાલાલ ર. કાપડિયા

શર બીજો કહ્યાં છે.[૧] આ કલ્પના ચતુર્થ પ્રકરણ (શ્લો. ૨૧)માં કહ્યું છે કે વશ્યમાં વટ્, ઉચ્ચાટમાં ફટ્, દ્વેષમાં હું, શાન્તિકમાં સ્વાહા, આકૃષ્ટિમાં વૌષટ્, મારમાં ઘે અને પુષ્ટિમાં સ્વધા છે.

ભૈ. પ. ક. (પરિ. ૩, શ્લો. ૧૦)માં કહ્યું છે કે વિદ્વેષણ, આકર્ષણ, ચાલન (ઉચ્ચાટન) વશ્ય, વૈરિવધ, શાંતિક અને પૌષ્ટિકમાં અનુક્રમે હું, વૌષટ્, ફટ્, વષટ્, રૂવે, સ્વાહા અને સ્વધા યોજવા. આના બંધુષેણકૃત વિવરણમાં એવો ઉલ્લેખ છે કે સ્તંભનમાં પણ 'ઘેઘે' યોજવો. વિશેષમાં અહીં હુંથી માંડીને સ્વધાને એકો પલ્લવ કહેલ છે.

ઉપર્યુક્ત ૐ થી શરૂ થતા મંત્રગત અક્ષરોને અંગે [૨]મન્ત્રાધિરાજકલ્પ (દ્વિતીય પટલ)ના શ્લો. ૨૨–૩૦, ૩૯ અને ૪૦ના આધારે કેટલીક માહિતી "શ્રીપ્રતિ૦ ટીકા" (ભા. ૨, પૃ. ૪૯૫-૪૯૮)માં અપાઈ છે. હું પણ એ મહા કલ્પ અનુસાર નીચે મુજબ કેટલીક બાબતો રજૂ કરું છું.

ૐ એ અરિહંતો, અશરીરીઓ, આચાર્યો, ઉપાધ્યાયો અને મુનિઓના પ્રથમ અક્ષરથી બનેલો છે. પાર્શ્વનાથના લલાટમાં રહેલો અને નીલ વર્ણનો એ મોક્ષના સુખને આપનારો છે. કળા, નાદ અને બિન્દુથી યુક્ત એ તેજોના સમૂહરૂપ છે. પાર્શ્વનાથના જમણે ખભે રહેલો અને રક્ત વર્ણનો એ ચિંતવતા યોગીઓને અવશ્ય જગત વશ્ય કરે છે, આમ એ ૐ 'જગદ્વશ્યકર' બીજ છે.

ह्राँ એ શૂન્ય અક્ષર ह् અને અગ્નિ–અક્ષર 'र्' થી ઉત્પન્ન થયેલો છે. એ નાદ, બિન્દુ અને કળાથી યુક્ત, 'આ' સહિત તેમજ પાંચ વર્ણોની પ્રભાવાળો હોઈ સર્વ સંપત્તિઓ, રૂપ, કીર્તિ, ધન, પુણ્ય પ્રયત્ન, જય અને જ્ઞાન આપનારો છે.

ह्रीँ એ 'ઈ' થી યુક્ત છે. જિનેશ્વરના હાથને વિષે રહેલો અને લાલ પ્રભાવાળો એ યોગીઓથી ચિંતવાતા અતિશયને આપનારો છે.

ह्रूँ એ છઠ્ઠા સ્વર 'ઊ'થી યુક્ત છે. એનો વર્ણ ધૂમાડા જેવો છે. જિનેશ્વરની કુક્ષિમાં રહેલા એનું ધ્યાન કરાતાં એ પૂજ્યતા, વિજય અને રક્ષણને આપનારો છે.

ह्रः એમાં બે વિસર્ગ છે. એની પ્રભા શ્યામ છે. જિનેશ્વરની કટિમાં રહેલો એ વિઘ્નોનો નાશ કરે છે.

વઃ એ વિસર્ગથી યુક્ત ૨૯ મો અક્ષર, અંજનના જેવી કાંતિવાળો અને (જિનેશ્વરના) ડાબા ઘૂંટણે રહેલો છે એમ ચિંતવતાં એ સર્વ નસીબનો નાશ કરે છે.

૧. ભૈ. પ. ક. (પરિ. ૨, શ્લો. ૨) માં આ પાંચ બીજોનો ઉલ્લેખ છે અને શ્લો. ૩ માં એ પાંચેને 'શૂન્ય બીજો' કહ્યા છે.

૨. આનો સંક્ષિપ્ત પરિચય મેં જૈ. સં. સા. ઈ. (ખંડ ૨, ઉપ. ૨–૪, પૃ. ૨૬૬–૨૬૯)માં આપ્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખઃ એ પાર્શ્વનાથના ડાબા પગમાં રહેલો, પીળા વર્ણનો અને કષાત્મક હોઈ એ પિશાચ, ગૃહ, ભૂત અને શક્તિનું મર્દન કરે છે એ દિગ્બંધન–બીજ છે.

હ્રૌં એ ત્રૈલોક્યાકાર છે. એનું સ્મરણ કરનારા યોગીઓના આ લોકના તેમજ પરલોકના ભય દૂર કરે છે.

અદ્ભૂત–કલ્પ પ્રમાણે फट् એ ઉચ્ચારણ માટેનું (અસ્ત્રબીજ) છે. स्वाहा એ શાંતિકર્મ માટેનો પલ્લવ છે.

લઘુશાન્તિ સ્તવ માટે અહીં જે મંત્રાક્ષરોનું સ્વરૂપ દર્શાવાયું છે તેમાંથી જે યોગ્ય સમજાય તે સ્વીકારવાનું છે.

'સ્વાહા'ની બે પ્રકારે વ્યુત્પત્તિ સૂચવાય છે.

(૧) सुष्ठूबाहूवन्ते देवा अनेनेति 'स्वाहा' અર્થાત્ જેના વડે દેવો સારી રીતે બોલાવાય છે તે 'સ્વાહા.'

(૨) सुष्ठूबाहा 'स्वाहा' અર્થાત્ જે વાણી વડે સારી રીતે ત્યાગ કરાય છે તે 'સ્વાહા'

ભૈ૦ ૫૦ ક૦ માં કેટલાંક યંત્રબીજોનાં નામો છે તો એના બંધુષેણ કૃત વિવરણમાં એ નામો અંગેના મંત્રબીજો છે. દા. ત. પરિ૦ ૪, શ્લો. ૩મા મકરધ્વજ–બીજ, ગજ, વશકરણ (બીજ) અને માયા (બીજ)નો ઉલ્લેખ છે જ્યારે આ નામોના સ્પષ્ટીકરણમાં અનુક્રમે વ્લીં, ક્ષ્રીં અને હ્રીંનો વિવરણકારે શ્લો. ૬માં क्ष्ठँ તત્ત્વ કૂટ, प અને ઇન્દુનો ઉલ્લેખ છે જ્યારે એના વિવરણમાં ચાર બીજ તે કારે હ્રીં, કર અને ठ હોવાનું કહ્યું છે. પરિ૦ ૭, શ્લો. ૧૮માં સ્તરબીજ, શૂન્ય, તત્ત્વ અને એનો ઉલ્લેખ છે તો એના વિવરણમાં ષ્ણ્રીં હ્રીં અને ઐંનો નિર્દેશ છે. શ્લોક ૨૦માંના વાગ્લવબીજના સ્પષ્ટીકરમાં ઐંનો ઉલ્લેખ છે આ તો દિશાસૂચનરૂપ વાત થઈ. સવિવરણ ભૈ. ૫, ૬, સંપૂર્ણ તપાસ થાય તો આ બાબત વિશેષ પ્રકાશ પડે અને એને ધ્યાનમાં રાખી મંત્રબીજકોને આધારભૂત બનાવાય.

ભક્તામર સ્તોત્રને લગતાં યંત્રો–ભક્તામર સ્તોત્રમાં ૪૪ જ પદ્યો છે એ વાત મોટે ભાગે વિદ્વાનોએ માન્ય રાખી છે, એટલે એને લગતાં યંત્રો તો છપાયાં જ છે, વધારાનાં ચાર પદ્યો ત્રણેક જાતનાં જોવાય છે. આમાંથી એક પ્રકાર તે गम्भीरतार, मन्दारसुन्दर, शुम्भत्प्रभाव અને स्वर्गापवर्ग થી અનુક્રમે શરૂ થતાં ચાર પદ્યો છે.[૧] એ ચારને લગતાં યંત્રો ઉપર્યુક્ત ૪૪ પદ્યો પરત્વેનાં યંત્રો સહિત તાજેતરમાં ભક્તામર–રહસ્યમાં અપાયાં છે. એ પૂર્વે પણ તેમ કરાયાનું અને ૪૮ યંત્રો અન્યત્ર પ્રકાશિત થયેલાં જોયાનું મને સ્ફુરે છે આ યંત્રો પૈકી એકેયનું વિશિષ્ટ નામ હોય તો ભ. ર. માં તો તે નથી.

'તિજયપહુત્ત' થોત્તગત યંત્ર–તિજયપહુત્ત થોત્તનું અપર નામ 'સપ્તતિશત જિનસ્તોત્ર'છે. એને વૃદ્ધિસ્તવન પણ કહે છે.[૨] હર્ષકીર્તિસૂરિના મતે આ કૃતિ માનદેવે રચી છે તો જિ૦ ર૦ કો૦ (વિ. ૧, પૃ. ૩૬૪) પ્રમાણે એ અભયદેવસૂરિએ વિ. સં. ૧૪૫૧માં રચી છે. આ સ્તોત્રમાં ૧૪ ગાથા છે. એની છઠ્ઠી 'સર્વતોભદ્ર' ચક્રનો અને અંતિમ ગાથામાં

૧. દિગંબરોમાં આ ચારનો વિશેષ પ્રચાર જોવાય છે કે દિગંબરોનો મોટો ભાગ ૪૮ પદ્યો માને છે.
૨. જુઓ જિનરત્નકોશ (વિ. ૧, પૃ. ૩૬૪).



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"સત્તરિસય-જંત" (સપ્તતિશત-યંત્ર)નો અને મંત્ર તથા તંત્રનો પણ ઉલ્લેખ છે. વિશેષમાં છઠ્ઠી ગાથામાં કહ્યું છે તેમ 'સર્વતોભદ્ર' ચક્રના મધ્યમાં સાધકનું નામ નિમ્નલિખિત મંત્રના બીજાક્ષરો સહિત લખવાનું છેઃ—

"ॐ हरहुंहः सरसुंसः हरहुंहः सरसुंसः"

શ્રી પ્રતિ૦ ટીકા (ભા. ૨, પૃ. ૪૫૨)માં પ્રસ્તુત યંત્ર નીચે મુજબ અપાયું છેઃ—

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫ ह | ૮૦ र | क्षि | ૧૫ हुं | ૫૦ हः |
| ૨૦ स | ૪૫ र | प | ૩૦ सुं | ૭૫ सः |
| क्षि | प | ॐ | स्वा | हा |
| ૭૦ ह | ૩૫ र | स्वा | ૬૦ हुं | ૫ हः |
| ૫૫ स | ૧૦ र | हा | ૬૫ सुं | ૫૦ सः |

આ યંત્રમાં સાધકનું નામ નથી, મંત્ર બીજોની અમુક પ્રકારે યોજના છે અને પંચ મહાભૂત બીજોનો પણ નિર્દેશ છે તો એ માટે શો આધાર છે તે જાણવું બાકી રહે છે.

૧૩મી ગાથામાં એવો નિર્દેશ છે કે સર્વતોભદ્ર યંત્ર પાટિયા ઉપર ચંદન અને કપૂર વડે લખીને પછી ધોઇને પીતાં એકાંતરિયા જ્વરનો તેમ જ (દુષ્ટ) ગ્રહ, ભૂત શાકિની અને [1]મોગકનો નાશ કરે છે.

"જૈન શ્રેયસ્કર મંડલ" તરફથી ઇ. સ. ૧૯૧૫માં પ્રકાશિત "પંચપ્રતિક્રમણાદિ સૂત્રાણિ" (પૃ. ૨૪૮, ટિ.)માં બે કથનોનો ઉલ્લેખ છેઃ–

૧. કાંસાની થાળી વગેરેમાં કપૂર, ગોરુચન્દન, કેસર, ચન્દન, કસ્તૂરી વગેરેનો કર્દમ કરી સાત વાર લેપ કરવો. છાયામાં એને સૂકવી તેના ઉપર યંત્ર લખી પુષ્પ, ધૂપ ઇત્યાદિ વડે એનું પૂજન કરી એના ન્હવણનું પાણી પીવાથી રોગ જાય.

૨. રૂપાના કે તાંબાના પતરામાં યંત્ર લખીને ઘરમાં એનું નિરંતર પૂજન કરવું અને કાર્ય વખતે જળથી એનું પ્રક્ષાલન કરી તે જળ પીવું.[2]

૧૪મી ગાથામાં દ્વાર ઉપર યંત્ર લખવાની વાત છે.

અન્ય સર્વતોભદ્ર યંત્ર વગેરેને લગતી કૃતિઓનો ખપ પૂરતો પરિચય મેં જૈ. સં. સા. ઈ. (ખંડ ૨, ઉપ૦ ૧, પૃ. ૩૯૨–૩૯૭)માં આપ્યો છે એટલે એ વાત હું અહીં જતી કરૂં છું. ખંડ ૨, ઉપખંડ ૨–૪, પૃ. ૨૫૦–૨૫૯)માં મેં વિંશતિ યંત્ર અને એની મેઘવિજય ગણિકૃત વૃત્તિ વિષે કેટલુંક કથન કર્યું હોઇ એ બાબત પણ હું અહીં વિચારતો નથી.

વિશેષમાં મંત્ર યંત્ર કલ્પસંગ્રહને અંગે પૃ. ૨૬૦માં મેં કેટલીક વિગતો નોંધી છે એટલે એ વિષે પણ હું અહીં કંઈ કહેતો નથી. [3]મંત્રાધિરાજ ચિન્તામણિ–આમાં ૬૫ યંત્રો છે.

૧. મૂળમાં **मुग्ग** શબ્દ છે. એ માટેનો સંસ્કૃત શબ્દ 'મુદ્ગ' છે. એના મગ, એક જાતનો રોગ અને એક જાતનું પક્ષી અર્થ કરાય છે. અહીં બીજો અર્થ પ્રસ્તુત જણાય છે.

૨. આ કથન મતાંતર તરીકે સિદ્ધિચન્દ્રગણિએ પોતાની ટીકામા નોંધ્યું છે. જુઓ D C G C M (Vol. XIX, sec. 1, pt. 2, p 156).

૩. આ કૃતિ શ્રી સારાભાઈ મ. નવાએ પ્રકાશિત કરી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૈ૦ ૫૦ ક૦–આને અંગે ૪૫ યંત્રો આજ નામના પુસ્તકના અંતમાં અપાયાં છે ખરાં પરંતુ ત્યાં એનાં વિશિષ્ટ નામોનો ઉલ્લેખ નથી તેમજ બધાં નામો રજૂ કરતી સૂચી પણ નથી.

ભૈ૦ ૫૦ ક૦ ના [1]વિવરણમાં યંત્રોનાં નામો જોવાય છે. દા. ત. પરિ૦ ૩, શ્લો. ૪૦ના વિવરણમાં 'ચિન્તામણિ' યંત્ર નામ છે તો પરિ૦ ૫ ના શ્લો. ૫, ૯ અને ૧૪ના વિવરણમાં અનુક્રમે અગ્નિસ્તંભન, વાર્તાલી અને દિવ્યસ્તંભન નામનાં યંત્રોનો ઉલ્લેખ છે. પરિ૦ ૪ના વિવરણમાં ક્લીઁ, હ્રીઁ, હ્રુઁ, ય, યઃ ફ્રૂદ્, મ, ઈ, ક્ષવપટ્ અને લ એ પ્રત્યેકના અંતમાં 'રંજની' શબ્દ જોડવાથી ઉદ્ભવતાં નામોવાળાં યંત્રોનો નિર્દેશ છે. પરિ૦ ૯માં વિવિધ યંત્રો માટેની સામગ્રી દર્શાવાઇ છે.

'કલ્યાણ મંદિર સ્તોત્ર' નામના પુસ્તકમાં આ સ્તોત્રને અંગેનાં ૪૪ યંત્રો વગેરે છપાયાં છે.

નમિઊણથોત્ત તેમજ ધરણોરગેન્દ્ર સ્તવની વૃત્તિમાં કેટલાંક યંત્રોનો ઉલ્લેખ છે.

સિંહતિલકસૂરિએ રચેલ "ઋષિમંડલ સ્તવ યન્ત્રાલેખ" તેમજ એ સૂરિના કથન અનુસારનું "ઋષિમંડલ યંત્ર" જૈ. સા. વિ. મંડલ" તેમજ એ સૂરિના કથન અનુસારનું "ઋષિમંડલ યંત્ર" જૈ. સા. વિ. મંડલ" તરફથી છપાયાં છે તેની નોંધ જ બસ થશે.

અંતમાં યંત્રો અંગે જે વિશિષ્ટ કૃતિઓનો આ લેખમાં નિર્દેશ ન હોય તે તજજ્ઞોએ સૂચવવાં કૃપા કરવી.

## મુદ્રાઓ

'મુદ્રા' એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. એ ગુજરાતીમાં પણ વપરાય છે. એને માટેનો પાઇય શબ્દ [2]'મુદ્દા' છે. આ બધા શબ્દો અનેકાર્થી છે. સા૦ ગૂ૦ જો૦માં 'મુદ્રા' શબ્દના નીચે મુજબ આઠ અર્થો અપાયા છેઃ—

(૧) છીપ, મહોર. (૨) વીંટી. (૩) સિક્કો (નાણું). (૪) ગોસાંઇઓના કાનની કડી. (૫) છાતીએ કે હાથે મારેલો ડામ કે છાપું. (૬) મુખાકૃતિ; ચહેરાનો દેખાવ. (૭) અમુક પ્રકારનો અંગ વિન્યાસ (હઠયોગ). (૮) સંધ્યા વખતે હાથ કે આંગળાનો બનાવાતો આકાર.

આ પૈકી આ લેખમાં તો મુદ્રાથી શરીરનાં અવયવોની અમુક અમુક પ્રસંગ પૂરતી વિશિષ્ટ રચના સમજવાની છે.

મુદ્રાનો સંબંધ જાતજાતનાં અનુષ્ઠાનો સાથે છે. ધાર્મિક અનુષ્ઠાનોમાં કેટલીક મુદ્રાઓને સ્થાન અપાયું છે. દા. ત. ગુરુપદની સ્થાપના કરતી વેળા "સ્થાપના–મુદ્રા' કરાય છે. આ મુદ્રામાં હાથની આંગલીઓ અને કરતલ (હથેળી)નો આકાર અર્ધ સંપુટ જેવો બનાવાય છે અને કોઈ વસ્તુ દાખલ કરતા હોઇએ તેવી રીતે હાથ 'સ્થાપના'ની સન્મુખ [3]આહ્વાન–મુદ્રાથી રખાય છે;

---

૧. પરિ૦ ૨, શ્લો. ૧૫નાં વિવરણમાં ઋ, ૠ, લૃ, અને લ એ ચારેને 'નપુંસક' કહ્યા છે. પરિ૦ ૪, શ્લો. ૧ ના વિવરણમાં 'ક્ષ્મ્લ્વ્યૂ'ને પિંડાક્ષર કહેલ છે.

૨. આના પાઇય સદ્દમહણ્ણવમાં ત્રણ અર્થો અપાયા છે. તેમાં ત્રીજા અર્થ તરીકે 'અંગ વિન્યાસ વિશેષ' અર્થ અત્ર પ્રસ્તુત છે. આ અર્થવાચક આ શબ્દ ચેઇયવંદણમહાભાસ ભા. ૪૮માં વપરાયો છે.

૩. આનો અર્થ 'આમંત્રણ' અત્ર અભિપ્રેત છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર્યંકાસન-મુદ્રા અને [1]કાયોત્સર્ગ-મુદ્રા પણ જૈનોમાં સુપ્રસિદ્ધ છે.

ચૈત્યવંદનમાં ત્રણ જાતની મુદ્રાનો ઉપયોગ કરાય છે:-

(૧) યોગમુદ્રા, (૨) કાયોત્સર્ગ-મુદ્રા અને (૩) મુક્તાશુક્તિ-મુદ્રા.

દીક્ષા લેતી વેળા તેમ જ ગુરુને વંદન કરવાના પ્રસંગે 'યથાજાત-મુદ્રા'નો ઉપયોગ કરાય છે.

ભૈ૦ ૫૦ ક૦ (પરિ૦ ૩, શ્લો. ૮) માં કહ્યું છે કે આકર્ષણ વશ્ય, શાન્તિક-પૌષ્ટિક, વિદ્વેષણ, રોધ અને વધના પ્રસંગે અનુક્રમે અંકુશ, સરોજ, બોધ (જ્ઞાન), પ્રવાલ (પલ્લવ) સંત અને વજ્ર નામની મુદ્રાઓનો ઉપયોગ કરાય છે. આની સમજૂતી માટે મંત્રાધિરાજ ચિન્તામણિ (પૃ. ૨૭૫) જોવું ઘટે.

ભૈ૦ ૫૦ ક૦ નામના પુસ્તકના અંતમાં બાર તાંત્રિક મુદ્રાઓનાં ચિત્રો અપાયાં છે આ મુદ્રાઓની સમજૂતી-કયે પ્રસંગે કઇ રીતે મુદ્રા કરવી તે બાબત આ પુસ્તકમાં દર્શાવાઈ હોય એમ જણાતું નથી.

સૂરિમન્ત્ર કલ્પસમુચ્ચય-(ભા. ૧)માં પૃ. ૧૫, ૭૪, ૧૧૩-૧૧૫ અને ૧૭૨-૧૭૩માં મુદ્રા સંબંધી નિરૂપણ છે, પૃ. ૧૫માં નિમ્ન-લિખિત પાંચ મુદ્રાનો ઉલ્લેખ છે:—

આહ્વાન, સ્થાપના, સન્નિધિ, નિરોધ અને અવગુંઠન. આની સમજણ પણ આ પૃષ્ઠમાં અપાઇ છે. પૃ. ૭૪માં વાસક્ષેપ મુદ્રા વિષે નિર્દેશ છે. અહીં કહ્યું કે વાસક્ષેપ કરતી વેળા શંખમુદ્રાથી અન્નનો લાભ, પલ્લવ-મુદ્રાથી શિષ્યોની સમૃદ્ધિ, સૌભાગ્ય-મુદ્રાથી આત્માનું સૌભાગ્ય અને વજ્ર-મુદ્રાથી રક્ષણ થાય છે.

પૃ. ૧૧૩-૧૧૫માં રાજશેખરસૂરિકૃત સૂરિયન્ત્રકલ્પમાં "સૂરિમંત્ર" માટે ઉપયોગી ૧૭ મુદ્રાઓનાં નામો તેની સમજૂતી સાથે અપાયાં છે.[2] પરંતુ પ્રસ્તુત પુસ્તકમાં તેને લગતાં ચિત્રો નથી. એ અપાયાં હોત તો આ પુસ્તકના ગૌરવમાં વૃદ્ધિ થાત.

ઉપર્યુક્ત ૧૭ મુદ્રાઓનાં નામો નીચે મુજબ છે:—

(૧) પરમેષ્ઠિન્, (૨) ગરૂડ, (૩) ચક્ર, (૪) સૌભાગ્ય, (૫) સબીજ સૌભાગ્ય, (૬) પ્રવચન, (૭) પર્વત, (૮) સુરભિ, (૯) ધેનુ, (૧૦) અંજલિ, (૧૧) આવાહની, (૧૨) સ્થાપની, (૧૩) સંનિધાની, (૧૪) સંનિરોધિની, (૧૫) અવગુંઠન, (૧૬) અસ્ત્ર અને (૧૭) વિસર્જન.[3]

---

૧. આને 'જિનમુદ્રા' પણ કહે છે.

૨. આજ વિષય મેરૂતુંગસૂરિએ સૂરિમુખ્ય- મંત્રકલ્પ કિંવા સૂરિ. મન્ત્રેશ વિવરણમાં ચર્ચ્યો છે અને એને પ્રસ્તુત પુસ્તકમાં પૃ. ૧૭૨-૩માં સ્થાન અપાયું છે.

૩. પૃ. ૧૧૫, ટિ. માં મુદ્દગર નમસ્કાર, સંહાર અને કરનો ઉલ્લેખ છે.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મ દ્રવ્યથી ભિન્ન પરચિંતન ત્યાગ

લેખક : **મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ** (સંવિજ્ઞપાક્ષિક)

**द्वितीये वस्तुनि सति चिंता भवेत्, ततः चिंतावाः सकाशात् कर्म, तेन कर्मणा कृत्वा जन्म संसारे वर्तते।**

પરચિંતન કરવું તે જ કર્મબંધનું કારણ છે. તે કર્મવડે જન્મ સંસાર વર્તે છે. એ પરચિંતનનો ત્યાગ કરી પવિત્ર આત્મદ્રવ્યનું ચિંતન કરવું તે કેવળ મોક્ષનું જ કારણ છે.

સજીવ અને નિર્જીવ બન્ને પદાર્થોથી આ વિશ્વ ભરેલું છે. સજીવ પદાર્થમાં અનંત જીવ દ્રવ્યો છે. અજીવ પદાર્થમાં જીવ દ્રવ્ય કરતાં અનંતગુણા જડ દ્રવ્યો છે. અનંત જીવ દ્રવ્યમાંથી પોતાના આત્માને જુદો કરીને તેનો વિચાર કરવો, તેનું ચિંતન કરવું અને તેમાં જ સ્થિર થઈ રહેવું તે જ મોક્ષનું કારણ છે, તે સિવાય બાકી રહ્યા તે સર્વે સજીવ અને નિર્જીવ દ્રવ્યો છે. તે પર દ્રવ્ય છે તેનું ચિંતન કરવું, તેમાં શુભાશુભ ઉપયોગ દેવો, તેમાં તદાકારે પરિણમવું તે પરદ્રવ્યનું ચિંતન કહેવાય છે જે કર્મબંધનું કારણ છે.

ચિંતન બે પ્રકારે થાય છે. એક તો તેના સ્વરૂપનો વિચાર કરી પરિણામે દુઃખરૂપ જાણી તેનાથી પાછા હઠવારૂપે હોય છે. બીજું ચિંતન રાગદ્વેષની લાગણીથી થાય છે. અહીં જે વાત કહેવામાં આવે છે, તે રાગદ્વેષની લાગણીઓ પેદા કરનાર ચિંતનના ત્યાગ માટે છે.

જડ વસ્તુનું ચિંતન તેના આકર્ષક ને મોહક ગુણને લઈને થાય છે અને બીજું તેના સ્વભાવથી આત્માનો સ્વભાવ જુદો છે, તેની સરખામણી અથવા નિશ્ચય કરવા માટે થાય છે. પ્રથમનું ચિંતન ત્યાગ કરવા યોગ્ય છે. બીજું ચિંતન વસ્તુતત્ત્વના નિર્ણય માટે કરીને તેનો નિશ્ચય થયા પછી જ ત્યાગ કરવા યોગ્ય છે. આત્મવસ્તુના ચિંતનમાં પણ અનંત આત્મદ્રવ્યો છે, તેમાંથી જ્ઞાતાદૃષ્ટાપણું, સુખદુઃખના અનુભવ કરવાપણું પોતાનું પોતાને ઉપયોગી છે, અને પોતા માટે પોતામાં જ અનુભવો થાય છે. માટે બીજા અરિહંતાદિ પવિત્ર આત્મા સાથે પોતાના આત્માની સરખામણી કે નિશ્ચય કરી લીધા પછી પોતામાં જ સ્થિરતા કરવાની છે. અને તે સિવાયના બીજા જીવોના ચિંતનનો તો અવશ્ય ત્યાગ કરવા યોગ્ય છે.

આગળ વધવામાં આલંબન માટે શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને મુનિરાજ આ પાંચ પરમેષ્ટિની મદદ લેવામાં આવે છે, પણ માળ ઉપર ચડવામાં જેમ દાદરાની સહાય લેવામાં આવે છે, તેમ આત્મદ્રવ્યથી જુદા તે અરિહંતાદિની મદદથી આગળ વધવું અને માળ ઉપર ચડી ગયા પછી જેમ દાદરાનો ત્યાગ કરવામાં આવે છે, તેમ શુદ્ધ આત્મદ્રવ્યની પ્રાપ્તિ થયા પછી આ મદદગારોના ચિંતનનો પણ ત્યાગ કરવાનો હોય છે.

જે જે આત્માઓ જેટલા જેટલા આગળ વધ્યા હશે–તેમનો આત્મા જેટલો નિર્મળ થયો હશે, તેના પ્રમાણમાં તે પરવસ્તુના ચિંતનનો ત્યાગ કરી શકશે. આગળ વધવામાં **પ્રથમ વૈરાગ્યની ભૂમિકા છે.** દોષ દર્શન વૈરાગ્યવાળાને દુનિયાની ઘણીખરી વસ્તુમાં દુઃખ જ દેખાય છે. તે દરેક વસ્તુની કાળી બાજુ જોઈને તેમાં દોષ જણાતાં તેનો ત્યાગ કરશે. આવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાગની પ્રથમ ઘણી જરૂર છે. આવો ત્યાગ તેના માર્ગમાં મુખ્યતાએ વિઘ્નરૂપ જણાતી રાજ, વૈભવ, સ્ત્રી, પુત્ર, ધન, મિત્રો, કુટુંબો, સંબંધીઓ, ઘર, જમીન આદિ તમામ વસ્તુઓનો ત્યાગ કરાવશે. આ ત્યાગથી મોહ ઉત્પન્ન કરાવનારાં, દુનિયાના બંધનમાં બાંધી રાખનારાં કર્મબંધનનાં ઘણાં કારણો ઓછાં થશે, છતાં શરુઆતનો આ ત્યાગ હોવાથી એકનો ત્યાગ કરાવી બીજી વસ્તુઓનો તે સંગ્રહ કરાવશે. તે ત્યાગી થશે ત્યાં માતાપિતાને ઠેકાણે તેને ગુરુની જરૂર પડશે, ભાઈઓને ઠેકાણે ગુરુભાઈઓ સ્થાન લેશે, પુત્રપુત્રીઓને ઠેકાણે શિષ્યશિષ્યાઓ આવશે, ઘરને ઠેકાણે ઉપાશ્રય–મઠ–ધર્મશાળાદિ સ્થાન ગ્રહણ કરવાં પડશે, ધનને ઠેકાણે પુસ્તકો આવશે, તાંબાપીત્તળ, સોનારૂપાનાં વાસણોને સ્થાને લાકડાનાં ઉપકરણો ગોઠવાશે, વસ્ત્રોનો રૂપાંતરે સંચય કરવો પડશે અને નોકર ચાકરાદિના સ્થાને ગૃહસ્થ શિષ્યોનો સમુદાય હાજરી આપશે.

આમ એકના ત્યાગ પછી બીજાનું ગ્રહણ કરવાનું આવે છે, છતાં પ્રથમ કરતાં આ રૂપાંતર ઘણું સારું છે, આગળ વધવામાં મદદગાર સાધન છે, પાપ આશ્રવનાં સાધનોને ઠેકાણે પુન્ય આશ્રવનાં કારણો આ છે, અશુભના સ્થાને એ શુભ સાધનો છે. તાત્ત્વિક મમત્વવાળાને બદલે ઉપર ઉપરની લાગણીવાળાં છે એટલે મજબૂત બંધન કે પ્રતિબંધરૂપ નથી.

આટલું છતાં જો પ્રથમનો વૈરાગ્ય વૈરાગ્ય બન્યો રહે, ચાલ્યો ન ગયો હોય એટલું જ નહિ પણ તેમાં દિન પર દિન વધારો થતો રહ્યો હોય તો આગળ વધતાં, સૂત્ર સિદ્ધાંત ભણતાં, ગુર્વાદિકની સેવા કરતાં અને સત્સમાગમાં રહેતાં તાત્ત્વિક ત્યાગ જેને '**જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય**' કહેવામાં આવે છે તે પ્રગટ થાય છે, પણ જો તે વૈરાગ્ય અમુક દિવસ પૂરતો જ હોય, વ્યવહારના કંટાળાથી જ ઉત્પન્ન થયેલો હોય અથવા અમુક વસ્તુના અભાવથી ઉત્પન્ન થયેલો હોય તો આ પુસ્તકાદિ જે રૂપાંતરે ગ્રહણ કરેલાં છે તે જ પ્રતિબંધ અને મમત્વનાં સ્થાન થઈ પડશે. સ્ત્રી પુત્રાદિ જે બંધનનાં કારણો હતાં તેનાં કરતાં આ શિષ્ય શિષ્યાદિ વધારે બંધનનાં નિમિત્તો થશે. પ્રથમના કર્મબંધના કારણોથી આ વિશેષ બંધનનાં કારણો થઇ પડશે. પ્રથમ જેને પ્રતિબંધરૂપે પ્રભુના માર્ગમાં આ જીવ માનતો હતો તેને હવે આ રૂપાંતરે ગ્રહણ કરેલાં સાધનો પ્રભુના માર્ગમાં વિશેષ પ્રકારે પ્રતિબંધરૂપે થશે, આત્મભાન ભુલાવશે, આસક્ત બનાવશે અને છેવટે આગળ વધવામાં અશક્ત બનાવી મૂકશે.

પણ જો પ્રથમના ચાલુ વૈરાગ્યમાં વધારો થતો રહે, આત્મા તરફનું નિશાન મજબૂત થાય, ગમે તે ભોગે આત્મસ્વરૂપ પ્રગટ કરવું જ છે એ નિશ્ચય દૃઢ થાય, આ શુભ બંધનોમાં પણ કયાંઇ ન બંધાયો હોય, મત–મતાંતરના કદાગ્રહો સ્યાદ્વાદ શૈલીના જ્ઞાનથી તોડી પાડ્યાં હોય, ક્રોધ માનાદિ કષાયોને પાતળા કરી નાખ્યા હોય અને ગુરુકૃપાથી આત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત થયું હોય તો તેને વૈરાગ્ય તત્ત્વજ્ઞાનના રુપમાં બદલાઈ જશે.

હવે તેને કર્મકાંડથી પડેલા મતભેદ નજીવા લાગશે. અપેક્ષાએ તે બધા મત–મતાંતરોના સઘળા અર્થો અને નિર્ણયો કરી શકશે, તેને મન પોતાનું અને પારકું હવે રહેશે નહિ, કોઈ પોતાનું કે પારકું નથી અથવા બધા પોતાના છે એવો દિવ્ય પ્રેમ પ્રગટ થશે, ગમે તે ગચ્છમતનો હોય છતાં આ ગુણીને દેખીને તે મતાં-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરવાળાને પણ પ્રેમ અને પૂજ્યબુદ્ધિ પ્રગટ થશે. તેનું નિશાન એક સત્ય આત્મા જ રહેશે, તેની નજરમાં હજારો માર્ગો દેખાઈ આવશે અને કોઈ પણ માર્ગે પ્રયાણ કરનારને કાં તો તેનું નિશાન બદલાવીને કાં તો તેની અપેક્ષા સમજાવીને બીજા માર્ગ તરફ અપ્રીતિ કે દ્વેષની લાગણી બંધ કરાવી પ્રભુ માર્ગનો રસિક બનાવી શકશે. તેના ગમે તે કર્મ માર્ગમાં પણ જ્ઞાનની મુખ્યતા હશે, તેના સહજ વાર્તાલાપમાં પણ આત્મજ્ઞાન ભરેલું હશે, તેની ધાર્મિક દેશનામાં પણ આત્મમાર્ગ જ ડગલે ને પગલે પોષાતો રહેશે, તે વ્યવહારથી બધાને બોલાવશે, બધાને ચાહશે છતાં તેનું હૃદય નિર્લેપ જ રહેશે. 'હું આત્મા છું, શુદ્ધ આત્મા છું' આ નિશાન અને હૃદયની ભાવના તદાકારે પરિણમતી રહેશે. તેને કોઈ પરચિંતનનો અધ્યવસાય નહિ હોય. પહેલાં વસ્તુની કાળી બાજુને તે જોતો હતો, હવે તેની દૃષ્ટિ બધી બાજુ જોનારી થશે, છતાં તેનું હૃદય ઉજ્વળ બાજુ તરફ જ પ્રવૃત્તિ કરતું રહેશે અને કાળી બાજુની ઉપેક્ષા કરશે, અથવા કાળી બાજુના સ્વભાવને જાણીને અમુક ભૂમિકામાં એમ જ વર્તન હોય, એવી જ લાગણી હોય એમ માનીને પોતે પોતાના નિશાન તરફ સુરતા રાખીને આગળને આગળ ચાલ્યા કરશે. એવી રીતે બન્ને વસ્તુના સ્વભાવને જાણનાર તે રાગદ્વેષ ન કરતાં પોતાના સ્વભાવમાં જ રહેશે.

જેમ જેમ આત્મા આગળ વધતો જાય છે, તેમ તેમ પરવસ્તુના ચિંતનનો ત્યાગ તેનામાં વધારે ને વધારે થયા કરે છે. આ વૈરાગ્ય છેવટે સમભાવના રૂપમાં બદલાઈ જાય છે. એ સમભાવમાં નહિ રાગ કે નહિ દ્વેષ, પણ કેવળ મધુર શાંતિ જ હોય છે. આ શાંતિમાં આવતા પરવસ્તુનું–પૌદ્ગલિક વસ્તુનું ચિંતન લગભગ બંધ થાય છે. તેની મીઠી નજરથી બીજાને શાંતિ મળે છે. તેનો ઉપદેશ ઘણે ભાગે અમોઘ હોય છે. એકવાર કહેવાથી જ બીજા ઉપર સારી અસર થાય છે. તેની આજુબાજુ નજીક આવેલા જીવોના વેર વિરોધ શાંત થાય છે. આ તેના સમભાવની છાયા છે. આ ભૂમિકા પછીની ભૂમિકામાં મનની ઊઠતી વૃત્તિઓનો ક્ષય થાય છે, હવે તેના મનમાં સંકલ્પો કે વિકલ્પો બિલકુલ ઊઠતાં નથી. જે છે તે વસ્તુ છે. તેમાં વચનને કે મનને પ્રવેશ કરવાનો અધિકાર નથી. તેનું મન મનાતીત વસ્તુમાં લય પામી જાય છે. આત્માના અખંડ સુખનો તે ભોક્તા બને છે. આ વિશ્વ તેને હસ્તામલકવત્ દેખાય છે. હાથમાં રહેલું આમળું જેમ જોઈ શકાય છે, તેમ તે વિશ્વને જોઈ શકે છે. આ સર્વ પ્રતાપ આત્મા સિવાય અન્ય વસ્તુનું ચિંતન ન કરવાનો જ છે. આ પરવસ્તુના ચિંતનનો ત્યાગ આમ ક્રમસર વૈરાગ્યની વૃદ્ધિથી અને સત્ય તત્ત્વના જ્ઞાનથી બને છે.

જેવી રીતે પર દ્રવ્યોનું નિરંતર ચિંતન કરવામાં આવે છે, તેવી જ રીતે જો આત્મદ્રવ્યનું સ્મરણ કરવામાં આવે તો મુક્તિ હાથમાં જ છે. લોકોને રંજન કરવાને નિરંતર પ્રયત્ન કરો છો તેવો પ્રયત્ન જો તમારા આત્માને માટે કરો તો મોક્ષપદ તમારા માટે છેટું નથી. પરને રંજન કરવા તે વિભાવ પરિણામ છે આત્મા સ્વભાવરૂપ છે. સ્વભાવ દશામાં આવ્યા વિના તાત્ત્વિક સુખ નથી. સદ્‌ગુરુ પાસેથી આત્મજ્ઞાન મેળવી, અન્ય સંગનો ત્યાગ કરી આત્માનું અવલંબન લઈ તેમાં સ્થિર થવાથી આ પર દ્રવ્યનો અવશ્ય વિયોગ થાય છે, માટે આત્મદ્રવ્યમાં જ પ્રીતિ કરવા યોગ્ય છે. તત્ત્વદૃષ્ટિવાળાને શું ત્યાગ કરવા યોગ્ય નથી? અર્થાત્ સર્વ છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિ વિના રાજ્યથી, સ્ત્રીઓથી, ઇંદ્રિયોના વિષયોથી, કલ્પવૃક્ષો અને કામધેનુ આદિથી પણ કોઈ કૃતાર્થ થયો નથી અને થશે પણ નહિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સારા કે ખરાબ માણસની કસોટી અશક્ય છે

## કેમકે સારા—નરસાપણું સાપેક્ષ છે

થોડા દિવસો પહેલાં આચાર્ય કૃપલાણી અમદાવાદ આવ્યા હતા. તેઓ ગાંધીજીની હયાતીમાં વિદ્યાપીઠના આચાર્ય હતા. લાંબો સમય ગાંધીજીના સહવાસી રહ્યા હતા. કોંગ્રેસના મંત્રી અને પ્રમુખ પણ થયા હતા. અત્યારે તેઓ આશ્રમ સ્થાપી ખાદીનું રચનાત્મક કામ કરે છે, એમણે ગુજરાત વિદ્યાપીઠના સ્નાતકો સમક્ષ પ્રવચન કરતાં કહ્યું હતું કે "માણસ કયાં સાધન અને ચારિત્ર્યથી કામ કરે છે, તેના ઉપરથી તેનું માપ કાઢવું જોઈએ. પણ આજે તો આમ થવાને બદલે, જે સૌથી વધુ બદમાસ હોય છે, એ સૌથી વધુ સારા અને સૌથી વધુ સારા હોય છે, એ સૌથી વધુ ખરાબ ગણાય છે." આમ કહી એમણે સ્નાતકોને ઉંચું ચારિત્ર્ય કેળવવા ઉપર ભાર મૂકયો હતો.

પરંતુ આપણા પરિચયમાં આવનારામાં કોણ બદમાશ અને કોણ સારો માણસ છે, એ નક્કી કરવું ઘણું મુશ્કેલ છે બહારથી સારા, આબરૂદાર અને ડહાપણવાળા માણસો—એ માણસોમાં પૂછાય એવા હોય, સૌ એની સલાહ લેતા હોય–છતાં તેઓ નીતિભ્રષ્ટ હોય તો તેની ગણના કેવા માણસમાં કરવી ? આથી ઊલટું બહારથી ખરાબ દેખાતા માણસો, એમના આંતરિક જીવનમાં પ્રામાણિક હોય પણ વ્યસની હોય તો તેની ગણના કેવા માણસમાં કરવી ? ધનવાન મનુષ્ય કૃપણ હોય છે અને નિર્ધનનો સ્વભાવ ઉદાર હોય છે. "**मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम्**" જીભમાં મીઠાશ અને હૃદયમાં હળાહળ-ઝેર રાખનારાં માણસો પણ હોય છે. ધૃતરાષ્ટ્રે જો ધાર્યું હોત તો મહાભારતનું યુદ્ધ અટકાવી શકત ! આ રીતે જગતમાં ભિન્ન ભિન્ન પ્રકૃતિ અને ગુણદોષયુક્ત માણસો હોય છે, આટલા માટે કોઈએ કહ્યું છે એ ખરૂં છે, કે "**निर्दोष एको हरिः**" આ જગતમાં પરમેશ્વર એક જ નિર્દોષ છે.

વળી માણસની હયાતી સુધી તેના વિષે નિશ્ચિત અભિપ્રાય બાંધવો એ તેની યોગ્ય તુલના નથી. કારણકે કવચિત તુલના જ ખોટી થઇ જાય અથવા તેને અન્યાય થાય. કેમકે ભૂતકાળમાં જેઓ દુર્ગુણી હતા, તેઓ આગળ જતાં ભક્ત કોટીમાં ગણાયા છે. ઈરાનનો એક રાજા સાઇપ્રિસ ઘણો ધનાઢય અને બુદ્ધિવાન હતો, અને એના દરબારમાં જે આવે તેને પોતાની રિદ્ધિ સિદ્ધિ બતાવી પૂછતો કે "મારા જેવો કોઈ સુખી છે ?" એક વખત સોલન નામનો એક મહાવિદ્વાન તત્ત્વજ્ઞાની એના દરબારમાં આવ્યો. તેને પોતાની સમૃદ્ધિ બતાવી એ જ પ્રશ્ન પૂછયો ત્યારે સોલને કહ્યું કે "આપની સમૃદ્ધિ અઢળક છે, પરંતુ મારા મત પ્રમાણે મરણ પહેલાં કોઇને સુખી કહેવાય નહીં." બન્યું એવું કે સાઈપ્રસ ઉપર એક બીજા રાજાએ આક્રમણ કરી, એને હરાવી, કેદ કરી, જીવતો બાળી મુકવાનો હુકમ કર્યો. જ્યારે સાઈપ્રસ ચીતા ઉપર ચડયો ત્યારે બોલી ઊઠયો. "સોલન, સોલન, તારૂં કહેવું સાચું છે." બાળવાનો હુકમ કરનાર શત્રુ રાજાએ સાઇપ્રિસને ચીતા ઉપરથી ઉતારીને પૂછયું, ત્યારે તેણે સોલન સાથેની બધી વાત કહી. શત્રુ રાજાએ પણ એ વાતમાંથી બોધ ગ્રહણ કરી સાઇપ્રસને મુક્ત કર્યો.

અર્થાત્ માણસને પડતું સુખ દુઃખ સાપેક્ષ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. પરંતુ અહીં પ્રસ્તુત તો કૃપલાણીજીના કહેવાનો આશય તો હાલના કોંગ્રેસીઓ અને સરકારી તંત્રમાં જે કોંગ્રેસીઓ જુદાં જુદાં ઉચ્ચ સ્થાનો ભોગવે છે, એમને અનુલક્ષીને હોય એમ જણાય છે. અને એ વાત ખરી છે, કે ભૂતકાળમાં લોકોમાં જેઓની કાંઇ જ પ્રતિષ્ઠા ન હતી અથવા તો જેઓ નૈતિક બંધનોને અનુસરનારા ન હતા, કે નૈતિક રીતે શિથિલ હતા, ધર્મથી પરાઙ્મુખ હતા અને કેવળ પ્રચારલક્ષી માનસ ધરાવનારા સ્વાર્થ સાધુ હતા, એમાંના ઘણા અત્યારે લોકનેતાના સ્થાને છે, અથવા તો સરકારી તંત્રમાં ઉચ્ચ પદવીઓ ભોગવે છે. બાકી તો મનુષ્ય માત્રમાં દૈવી અને આસુરી સંપત્તિ કામ કરે છે. પ્રભુની સાથે જ શેતાન પણ કાર્યરત હોય છે. એટલે આ પૈકી બધાજ ખરાબ કે બધાજ સારા હોવાનો, તથા ઉચ્ચ ચારિત્ર્યથી કે નિર્દોષ સાધનોનો ઉપયોગ કરી તેઓ આગળ આવ્યા હોય એવો સંભવ નથી.

એક રીતે જોઇએ તો ભારત એકમાં જ નહીં, પરંતુ સમગ્ર દુનિયામાં અત્યારે જાણે આસુરી સંપત્તિ પ્રવૃત્ત હોય એમ જોવામાં આવે છે. સર્વત્ર જાણે શેતાનનું પ્રભુત્વ હોય, એમ જણાય છે. વહીવટમાં અને વ્યવહારમાં પવિત્રતા રહી નથી. અને રહી હશે, તો તેને આચારમાં મૂકવાનું સામર્થ્ય નહીં રહ્યું હોય. માનવી હવે ચન્દ્ર સુધી જાય છે. અર્થાત્ વિજ્ઞાન વધ્યું છે, પણ ધર્મ અને નીતિ ઘટયાં છે. લોકોમાં શાંતિ માટે પ્રયત્ન કરતાં છતાં અશાંતિ, અસંતોષ અને સ્વાર્થ વધતાં જાય છે. આવા સંયોગો અને સ્થિતિ હોય ત્યાં સારો માણસ કોને કહેવો અને ખરાબ માણસ કોને કહેવો?

વળી સારૂં અને નરસું સાપેક્ષ છે. એક ખરાબ માણસ બીજા ખરાબ માણસના પ્રમાણમાં સારા માણસ કરતાં વધારે સારો ગણાય. એટલે સારા માણસની અને ખરાબ માણસની પરીક્ષા થવી દુર્ઘટ છે. મતલબ કે સારા નરસા મનુષ્યત્વની વહેવારિક વ્યાખ્યા કરવી અશકય છે. સિવાય કે મનુષ્ય જો પોતાના જીવનની મર્યાદા મનથી, વચનથી, અને કર્મથી અહિંસાની, સત્યની તથા અપરિગ્રહની મર્યાદા બાંધે અને એ ધોરણે એ પોતાનું વર્તન રાખે તો તેની નિઃસંશય સારા માણસમાં ગણના થાય. અને આ ગુણોની ન્યૂનાધિકતાના પ્રમાણમાં સારાં કે ખરાબ માણસોની વ્યાખ્યા થઈ શકે. કેટલાંક માણસો એ પ્રકારનાં છે કે જેઓ દુનિયામાં બધે અનિષ્ટ, દુઃખ, સંતાપ અને દુષ્ટતા જ જુએ છે, જ્યારે બીજાં કેટલાંક માણસો એવાં હોય છે, કે જેઓ સર્વત્ર ઇષ્ટ, સુખ, સંતોષ અને સાધુતા જ જુએ છે. એકની એક વાત કે વસ્તુનું સ્વરૂપ મનુષ્ય માત્રને તેના સ્વભાવ અને અનુભવ ભેદે જુદાં જુદાં દેખાય છે.

( ભાવનગર સમાચાર"માંથી સાભાર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગવાસ નોંધ

શેઠશ્રી સવાઈલાલ કેશવલાલ શાહ જે. પી. પ્રેસિડન્સી માજીસ્ટ્રેટ (પશ્ચિમ બંગાળ) બાસઠ વર્ષની ઉંમરે કલકત્તામાં હૃદયરોગના હુમલાથી અચાનક સ્વર્ગવાસી થતાં અમે ઘેરા શોકની દુઃખદ લાગણી અનુભવીએ છીએ.

શેઠશ્રી સવાઈલાલભાઈ ખૂબ ધાર્મિક વૃત્તિના હતા, અને ધાર્મિક કાર્યો માટે છૂટા હાથે દાન દેતા. બિહાર રાજ્યના જૈન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે રૂપિયા એક લાખનું દાન કરીને ટ્રસ્ટને તેમણે સદ્ધર બનાવ્યું છે. ઘાટકોપર (મુંબઈ)માં ભવ્ય જિન મંદિરમાં ભગવાનની પ્રતિષ્ઠા તથા અન્ય વિધિ વિધાન અર્થે તેમણે લગભગ રૂપિયા અઢીલાખ ખર્ચ્યા છે. પ. પૂ. આચાર્યશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં લગભગ પાંચસો જેટલા જિનબિંબોની અંજનશલાકા કરાવવામાં લગભગ રૂપિયા એક લાખ ખર્ચ્યા છે. આ ઉપરાંત કલકત્તા અને જુદાં જુદાં સ્થળોએ ધાર્મિક તેમજ સામાજિક કાર્યો માટે તેમણે સારાં દાનો આપેલાં છે. તેમનાં દાનોની રકમ રૂપિયા દશ લાખ ઉપર થવા જાય છે.

દાનવીર ઉપરાંત તેઓ એક બાહોશ કાર્યકર હતા. ઘણી રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં તેમણે પ્રમુખ, ઉપપ્રમુખ કે સભ્ય તરીકે રહીને તન, મન તથા ધનથી સુંદર સેવાઓ આપી છે.

તેમની સેવાઓની કદર રૂપે બંગાળ સરકારે તેમને જે. પી. તથા પ્રેસિડન્સી માજીસ્ટ્રેટ તરીકે તથા બિહાર સરકારે જૈન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે નિમણૂક કરી હતી.

આ સભાના તેઓ પેટ્રન હતા. તથા સભા મારફત સમાજને સંસ્કારી તથા શિષ્ટ સાહિત્ય મળે તે હેતુથી “શ્રી પરમાણંદ–કેશવ ગ્રંથમાળા” શરૂ કરી હતી.

આવા એક દાનવીર સેવાભાવી સહૃદયી સજ્જનના સ્વર્ગવાસથી સમાજને મોટી ખોટ પડી છે. સભાએ પણ પોતાનો એક શુભેચ્છક ગુમાવ્યો છે. શાસનદેવ તેમના આત્માને ચિરશાંતિ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ.

---

—મુંબઈ નિવાસી ઝવેરી મોતીચંદભાઈ રૂપચંદ સ્વર્ગવાસી થયેલ છે તે જાણી અમો ઘણા જ દિલગીર થયા છીએ. તેઓશ્રી ધર્મપ્રેમી અને મળતાવડા સ્વભાવના હતા. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેમના આત્માને શાશ્વત શાંતિ મળે તેવી અમે પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રંથો

### સંસ્કૃત ગ્રંથો

૧ વસુદેવ હિણ્ડી–દ્વિતીય અંશ ૧૦–૦૦
૨ બૃહત્કલ્પ સૂત્ર ભા. ૬ ઠ્ઠો ૨૦–૦૦
૩ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત
મહાકાવ્યમ્ ભા. ૨,
પર્વ ૨, ૩, ૪ (મૂળ સંસ્કૃત)
પુસ્તકાકારે ૧૨–૦૦
૪ ,, ,, પ્રતાકારે ૧૫–૦૦
૫ દ્વાદશાર નયચક્રમ્ ૪૦–૦૦
૬ સમ્મતિતર્ક મહાર્ણવા વતારિકા ૧૫–૦૦
૭ તત્ત્વાર્થાધિગમસૂત્રમ્ ૧૫–૦૦
૮ પ્રબંધપંચશતી ૧૫–૦૦

*

### અંગ્રેજી ગ્રંથો

1 Anekantvada
by H. Bhattacarya 3-00
2 Shree Mahavir Jain Vidyalaya
Suvarna Mahotsava Granth 35-00

*

### ગુજરાતી ગ્રંથો

૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ૧૫–૦૦
૨ શ્રી તીર્થંકર ચરિત્ર ૧૦–૦૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ ૪–૦૦
૪ કાવ્ય સુધાકર ૨–૫૦
૫ આદર્શ જૈન સ્ત્રીરત્ન ભા. ૨ ૨–૦૦
૬ કથારત્ન કોષ ભા. ૧ ૧૨–૦૦
૭ કથારત્ન કોષ ભા. ૨ ૧૦–૦૦
૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ ૩–૦૦
૯ આત્મ કાન્તિ પ્રકાશ ૧–૫૦
૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) ૧૦–૦૦
પૂ. આ. વિજયકસ્તૂરસૂરિજી
૧૧ સ્યાદ્વાદ મંજરી ૧૫–૦૦
૧૨ અનેકાન્તવાદ ૨–૦૦
૧૩ નમસ્કાર મહામંત્ર ૨–૦૦
૧૪ ચાર સાધન ૨–૦૦
૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો ૨–૦૦
૧૬ જાણ્યું અને જોયું ૨–૦૦

*

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર


તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રીમંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા. ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ,

For Private And Personal Use Only